પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૧૫૧ | ૧૦ ઓગસ્ટ, ૨૦૨૧, મંગળવાર; શ્રાવણ સુદ - ૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# સાત સિતારાઓનું ગૌરવભેર સ્વાગત

## ભારતીય એથલીટની વતન વાપસી, દિલ્હી એરપોર્ટ પર ઢોલ-નગારા સાથે જોરદાર સ્વાગત





ન્યુ દિલ્હી,તા.૯

ટોક્યો ઓલિમ્પિકમાં ઐતિહાસિક અને યાદગાર પ્રદર્શન કર્યા બાદ ભારતીય ખેલાડીઓ આજે દિલ્હી પહોંચ્યા છે. દિલ્હી એરપોર્ટ પર તેમના સ્વાગતની તૈયારીઓ પણ કરવામાં આવી છે. ઢોલ-નગારા સાથે એમનું સ્વાગત કરાઈ રહ્યું છે. ટોક્યોથી સ્વદેશ પરત આવનારાઓમાં ગોલ્ડ મેડલિસ્ટ નીરજ ચોપરા, બ્રોન્ઝ મેડલિસ્ટ બજરંગ પુનિયા અને પુરુષ હોકી ટીમ ઉપરાંત અન્ય ઘણા ખેલાડીઓ પણ છે.

ભારત પરત ફર્યા બાદ દિલ્હીની અશોકા હોટલમાં એક કાર્યક્રમમાં તમામ ખેલાડીઓનું સન્માન કરવામાં આવશે. આ દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદી વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા ખેલાડીઓ સાથે વાતચીત પણ કરશે.

બેન્ડ બાજા પર 'યે મેરા ઈન્ડિયા...' ગીત વગાડીને ભારતીય ખેલાડીઓનું સ્વાગત. દિલ્હી એરપોર્ટ પર ટોક્યો ઓલિમ્પિકમાં બ્રોન્ઝ મેડલ જીતનાર બજરંગ પુનિયાના સ્વાગત માટે તેમના પરિવારજનો અને તેમના સમર્થકો એકઠા થયા.

દિલ્હીની અશોકા હોટલમાં આજે સાંજે તમામ મેડલ વિજેતાઓ અને અન્ય ખેલાડીઓનું સન્માન રમત મંત્રાલય, સ્પોર્ટ્સ ઓથોરિટી દ્વારા કરવામાં આવશે. આ વખતે ભારતે ત્રણેય કેટેગરીમાં મેડલ જીત્યા છે. માત્ર દિલ્હી જ નહીં પરંતુ ખેલાડીઓના ગામમાં પણ ભવ્ય સ્વાગતની તૈયારીઓ ચાલી રહી છે. જેલિન થ્રોમાં દેશને પ્રથમ ગોલ્ડ મેડલ અપાવનાર ગોલ્ડન બોય નીરજ ચોપરાનું સ્વાગત કરવા માટે તેમનું આખું ગામ તૈયાર છે. નીરજની જીત બાદ પાણીપતમાં ઉજવણીઓ ચાલી રહી છે.

### ટોક્યો ઓલિમ્પિકમાં ભારતના હીરો

૧. નીરજ ચોપરા - ગોલ્ડ (જેવેલિન થ્રો)
૨. રવિ દહિયા - સિલ્વર (કુસ્તી)
૩. મીરાબાઈ ચાનુ - સિલ્વર (વેટલિફ્ટિંગ)
૪. પીવી સિંધુ - બ્રોન્ઝ (બેડમિન્ટન)
૫. લવલિના બોરગોહેન - બ્રોન્ઝ (બોક્સિંગ)
૬. બજરંગ પુનિયા - બ્રોન્ઝ (કુસ્તી)
૭. પુરુષ હોકી ટીમ - બ્રોન્ઝ



## પ્લાસ્ટિકના ધ્વજનો ઉપયોગ ના કરાય એ સુનિશ્ચિત કરવા નિર્દેશ

**સ્વતંત્રતા દિવસ પહેલાં રાજ્યોને કેન્દ્રનો નિર્દેશ રાષ્ટ્રધ્વજ લોકોની આશાઓ, આકાંક્ષાઓનુ પ્રતિનિધિત્વ કરે છે, એ કારણ છે કે આનું સન્માન થવું જરૂરી છે**

નવી દિલ્હી, તા.૯

સ્વતંત્રતા દિવસ પહેલા કેન્દ્ર સરકારે રાજ્યોને રાષ્ટ્રધ્વજને લઈને મહત્વના નિર્દેશ આપ્યા છે. સરકારે રાજ્યોને કહ્યુ છે કે તેઓ એ સુનિશ્ચિત કરે કે લોકો પ્લાસ્ટિકના રાષ્ટ્રધ્વજનો ઉપયોગ ના કરે.

આ સંબંધિત કેન્દ્રીય ગૃહ મંત્રાલયે તમામ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોને એક પત્ર લખ્યો છે. આ પત્રમાં કહેવામાં આવ્યુ છે કે રાષ્ટ્રધ્વજ દેશના લોકોની આશાઓ, આકાંક્ષાઓનુ પ્રતિનિધિત્વ કરે છે. એ કારણ છે કે આનુ સન્માન થવુ જોઈએ.

સ્વતંત્રતા દિવસ પહેલા કેન્દ્રએ પ્લાસ્ટિકના રાષ્ટ્રધ્વજનો ઉપયોગ કરવાની મનાઈ કરી છે. કેન્દ્રએ રાજ્યોને એ સુનિશ્ચિત કરવા માટે કહ્યુ છે કે લોકો પ્લાસ્ટિકના રાષ્ટ્રધ્વજનો ઉપયોગ ન કરે, આની પાછળ સરકારે તર્ક કર્યો છે કે પ્લાસ્ટિકની સામગ્રીથી બનેલા તિરંગાનો યોગ્ય નિકાલ સુનિશ્ચિત કરવો એક વ્યાવહારિક સમસ્યા છે. ગૃહ મંત્રાલયના પત્રમાં રાષ્ટ્રીય ગૌરવ અધિનિયમમાં અપમાન નિવારણ, ૧૯૭૧ અને ભારતીય ધ્વજ સંહિતા, ૨૦૦૨ની પ્રતિ પણ સંલગ્ન કરવામાં આવી છે. ગૃહ મંત્રાલયે તમામ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોને કહ્યુ છે કે રાષ્ટ્રીય ધ્વજ દેશના લોકોની આશાઓ, આકાંક્ષાઓનુ પ્રતિનિધિત્વ કરે છે તેથી હંમેશા આનુ સન્માન થવુ જોઈએ. હોમ મિનિસ્ટ્રીએ કહ્યુ, રાષ્ટ્રીય ધ્વજ માટે સૌના મનમાં સ્નેહ, સન્માન અને વફાદારી છે. તેમ છતાં રાષ્ટ્રીય ધ્વજના પ્રદર્શન પર લાગુ થનારી કાનૂનો અને પરંપરાઓના સંબંધમાં લોકોની સાથે-સાથે સરકારના સંગઠનો, એજન્સીઓની વચ્ચે જાગૃતતાની એક સ્પષ્ટ ઘટાડો જોવા મળે છે. ગૃહ મંત્રાલયે રાજ્યોને કહ્યુ છે કે કેટલાક અવસરે જેવા રાષ્ટ્રીય, સાંસ્કૃતિક અને રમત આયોજન પર કાગળના બનેલા રાષ્ટ્રીય ધ્વજની જગ્યા પ્લાસ્ટિકથી બનેલા રાષ્ટ્રીય ધ્વજનો પ્રયોગ કરવામાં આવી રહ્યો છે, જે યોગ્ય નથી. મંત્રાલય તરફથી એ સુનિશ્ચિત કરવા માટે કહેવામાં આવ્યુ છે કે એવા આયોજન પર ભારતીય ધ્વજ સંહિતા ૨૦૦૨ના નિયમોના હિસાબથી માત્ર કાગળના બનેલા રાષ્ટ્રીય ધ્વજનો ઉપયોગ થવો જોઈએ.

## લોકસભામાં ઓબીસી અનામત બિલ વિના વિરોધે પસાર

**વોટબેંક સાચવવા માટે તમામ રાજકીય પક્ષો સંસદમાં એક થઈ ગયા : હવે રાજ્યોને પોતાની ઓબીસી યાદી બનાવવાનો અધિકાર મળશે, પેગાસસના મામલે રોજ હોબાળો મચાવનારા વિપક્ષો આ મુદ્દે સરકારના પક્ષે બેસી ગયા**



નવી દિલ્હી, તા.૯

સંસદનું ચોમાસુ સત્ર હવે સમાપ્ત થવાને આરે છે, પરંતુ તેની શરૂઆતથી જ ગૃહની કાર્યવાહીમાં દરરોજ હંગામો મચાવીને કોઈપણ ભોગે સંસદને ન ચાલવા દેવાના વિપક્ષના વર્તનમાં આજે અચાનક ચમત્કારિક ફેરફાર જોવા મળ્યો અને કેમ ન હોય આખરે વાત જ એવી છે જેમાં દરેક પક્ષ હાથ નીચા કરી દે. આજે સંસદમાં જ્યારે ઓબીસી બિલ રજૂ કરવામાં આવ્યું તો વિપક્ષના તમામ પક્ષો પણ ઓબીસી અનામત બિલ પર સરકારના સૂરમાં સૂર પૂરાવવા લાગ્યા હતા. જો કે, વિપક્ષના આ પગલાની પહેલાથી જ આશા હતી કારણ કે વિપક્ષ ઈચ્છતો નહોતો કે આ બિલ તેના હંગામાને કારણે રજૂ ન થાય. કારણ આ બિલની સીધી અસર વોટબેંક પર પડી શકે છે. હવે આ બિલ લોકસભામાં પસાર થઈ ગયું છે.

લોકસભામાં કોંગ્રેસના નેતા અધીર રંજન ચૌધરીએ બિલ રજૂ થયા બાદ કહ્યું કે ગૃહનો એક જવાબદાર પક્ષ હોવાને કારણે અમે અમારી જવાબદારી જાણીએ છીએ. આ માટે તમામ વિપક્ષી પાર્ટીઓએ નક્કી કર્યું છે કે અમે અનામત સંબંધિત ૧૨૭ મા બંધારણીય સુધારા બિલને ટેકો આપીએ છીએ. અધીર રંજન ચૌધરીએ કહ્યું કે આ બહુમતીના બાહુબલી છે, તેમણે અમારી વાત સાંભળી નહીં. અમે સરકારને રાજ્યોના અધિકારોનું ઉલ્લંઘન ન કરવા ચેતવણી આપી હતી. આજે ભારતમાં સરકાર આંદોલન અને પછાત વર્ગના ગુસ્સાના ભયમાં સરકાર સમય પસાર કરી રહી છે.

● અનુસંધાન પાન-૭ પર

## અનંતનાગમાં આતંકીઓ દ્વારા ભાજપ નેતા અને તેમની પત્નીની હત્યા

**અનંતનાગમાં સરપંચ-ભાજપ કિસાન મોરચાની કુલગામ શાખાના અધ્યક્ષ ગુલામ રસુલ-તેમના પત્ની પર ફાયરિંગ**

શ્રીનગર, તા.૯

જમ્મુ અને કાશ્મીરના અનંતનાગમાં આતંકવાદીઓએ નાપાક હરકતને અંજામ આપ્યો. શહેરના લાલ ચોક પર આતંકીઓએ ભાજપ નેતા ગુલામ રસૂલ ડાર અને તેમના પત્ની પર ફાયરિંગ કર્યું. બંનેને સારવાર માટે હોસ્પિટલ લઈ જવાયા પણ ત્યાં તેમનું મોત થઈ ગયું. જમ્મુ અને કાશ્મીરના અનંતનાગ જિલ્લામાં આતંકવાદીઓએ સોમવારે ભારતીય જનતા પાર્ટી સાથે જોડાયેલા સરપંચ અને તેમના પત્નીની હત્યા કરી નાખી.

એક પોલીસ અધિકારીએ જણાવ્યું કે આતંકવાદીઓએ દક્ષિણ કાશ્મીરના અનંતનાગમાં સરપંચ અને ભાજપ કિસાન મોરચાની કુલગામ જિલ્લા શાખાના અધ્યક્ષ ગુલામ રસુલ ડાર અને તેમના પત્ની પર ફાયરિંગ કર્યું. અધિકારીઓએ જણાવ્યું કે બંનેને ઘાયલ અવસ્થામાં હોસ્પિટલ લઈ જવાઈ રહ્યા હતા પરંતુ રસ્તામાં જ તેમણે દમ તોડ્યો. કુલગામના રેડવાનીના રહીશ ડાર ભાજપ સમર્થિત સરપંચ હતા.




## સાવરકુંડલામાં આઠ મજૂરો પર ટ્રક કાળ બનીને ત્રાટકી

**મામલતદાર સહિત અધિકારી તથા પોલીસનો કાફલો ઘટનાસ્થળે પહોંચ્યો : મહુવા તરફ ટ્રક જતો હતો ત્યારે ડ્રાઇવરે કાબૂ ગુમાવતાં ટ્રક સાઈડ ડિવાઇડર કુદાવી પાસે આવેલા ૧૦ ફૂટનાં ખાડામાં ઝૂંપડાંઓ તરફ ધસી ગયો હતો : ચાર લોકો ગંભીર રીતે ઘાયલ થતા હોસ્પિટલ ખસેડાયા, આઇસર ચાલકે કાબુ ગુમાવતા અકસ્માત સર્જાયો, ડ્રાઇવરની ધરપકડ : મુખ્યમંત્રીએ ઘટના અંગે દુઃખ વ્યક્ત કરી ૪ લાખની આર્થિક સહાય જાહેર કરી**

અમરેલી,તા.૯

સાવરકુંડલા તાલુકાનાં બાઢડા ગામ પાસે રવિવારે મોડી રાતે આશરે ત્રણ વાગ્યાની આસપાસ ગોઝારો અકસ્માત સર્જાયો છે. જેમાં રોડની બાજુમાં ઝૂંપડા બાંધીને સૂતા પરિવાર પર બેકાબૂ ટ્રક ચડી જતા નવ લોકોનાં મોત નીપજ્યા છે. આ સાથે ૪ લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત છે અને ૧૨ લોકોને નાની મોટી ઈજા થઈ છે. હાલ ઈજાગ્રસ્તોને સારવાર માટે સાવરકુંડલા સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. આ ઘટનાની જાણ થતા મામલતદાર સહિતનાં અધિકારીઓ તથા પોલીસનો કાફલો પણ ઘટનાસ્થળે પહોંચીને વધુ તપાસ હાથ ધરી છે.

મળતી માહિતી પ્રમાણે મહુવા તરફ ટ્રક જતો હતો. ત્યારે ડ્રાઈવરે કાબુ ગુમાવતા ટ્રક સાઈડ ડિવાઈડર કુદાવી પાસે આવેલા ૧૦ ફુટનાં ખાડામાં ઝૂંપડાઓ તરફ ધસી ગયો હતો. જેમાં રસ્તાની સાઈડમાં ઝૂંપડા બાંધી ઊંઘી રહેલા લોકો માથે ટ્રક ચડી જતા ૮ લોકોના ઘટનાસ્થળે જ મોત નીપજ્યા છે. જ્યારે અન્ય કેટલાક લોકો ઈજાગ્રસ્ત થતા તેમને સારવાર માટે ખસેડવામાં આવ્યા છે. આ ઉપરાંત ૧૨ લોકોને નાની મોટી ઈજાઓ થઈ છે. આ ઘટનાની જાણ થતા જ એમ્બ્યુલન્સ ઘટનાસ્થળે પહોંચી હતી અને તમામને સાવરકુંડલા સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડ્યા હતા. સાવરકુંડલા પોલીસે આ મામલે આગળની તપાસ હાથ ધરી છે. ટ્રક ક્યાંથી આવતો હતો અને કેવી રીતે બેલેન્સ ગુમાવી દીધું? વગેરે સહિતની ઊંડાણપૂર્વક તપાસ શરૂ કરવામાં આવી છે. અમરેલી જિલ્લામાં થયેલા અકસ્માતમાં નવ લોકોના મોત થયા છે. આ દુર્ઘટના પર મુખ્યમંત્રી વિજય રૂપાણીએ દુખ વ્યક્ત કર્યુ છે. મુખ્યમંત્રીએ પોતાના ટ્વીટમાં કહ્યુ- કલેકટર અમરેલીને સમગ્ર ઘટનાની તાત્કાલિક તપાસ કરી અહેવાલ મોકલવાનો આદેશ કર્યો છે. પ્રભુ મૃતકોના આત્માને સદ્‌ગતિ અર્પે અને પરિવારને આ દુઃખ સહન કરવાની શક્તિ બક્ષે એ જ પ્રાર્થના. આ સાથે અન્ય ટ્વીટમાં મુખ્યમંત્રી વિજય રૂપાણીએ સહાયની પણ જાહેરાત કરી છે. મુખ્યમંત્રીએ કહ્યું કે અકસ્માતમાં મૃત્યુ પામેલા લોકોના પરિવારજનોને રાજ્ય સરકાર ૪ લાખની સહાય આપશે.

**જોઈએ છે**

જનરલ મેનેજન (વહીવટ) - ૧
એકાઉન્ટન્ટ (જાણકાર) - ૧

**કૈલાસ ટ્રેડર્સ**

૯૩૩/૨, સેક્ટર-૩/ડી, રામેશ્વર મહાદેવ મંદિરની સામે, ગાંધીનગર
ફોન : (૦૭૯) ૨૩૨૨૩૮૦૧
મો. ૯૮૨૫૬ ૭૧૨૨૫, ૯૦૩૩૦ ૧૯૧૮૭
Email : kailash_traders3@yahoo.co.in